# મહાદેવપુરા (ભાથીખત્રી)માં મજૂર કાયદો અને સ્ત્રી અધિકારો અંગે કાનૂની શિબિર યોજાઈ



ગાંભોઈ, તા.૬

સરકાર દ્વારા ગામડાઓમાં ચાલતી નરેગા યોજના અંતર્ગત ગરીબ પરિવારોને રોજગારી મળતી હોય છે. જેમાં અભણ ગરીબ પરિવારોની મહિલાઓને મજૂર કાયદાઓ અને સ્ત્રીઓના અધિકારની સમજ અને કાયદાઓ શુ છે તેની માહિતી મળે તેવા આશય સાથે સાબરકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હિંમતનગરના સભ્ય-પ્રમુખ વકીલો દ્વારા હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના મહાદેવપુરા (ભાથીખત્રી) ગામે ગુરુવારના રોજ શિબિર યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત ૪૫થી વધુ મજૂર મહિલાઓ તેમજ પુરુષોને એડવોકેટ પૃથ્વીસિંહ ઝાલા, નટુભાઈ પટેલ તથા મહેન્દ્રસિંહ દ્વારા કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# લાલપુરમાં સન્માન કાર્યક્રમ યોજાયો



બાયડ, તા. ૬

સરડોઈ- સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં તાજેતરમાં જાહેર થયેલ પરિણામ માં મેઢાસણ જિલ્લા પંચાયત સીટ ઉપર ભાજપા ના ઉમેદવાર કુલદીપ ફણાત અને સરડોઈ તાલુકા પંચાયતની સીટ ઉપર હિના બેન ચૌહાણ વિજેતા થતાં લાલપુર ગામે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શામપુર ગ્રુપ ગ્રામપંચાયત ના ડે.સરપંચ નવીન ભાઈ પટેલ,સેવા મંડળી ના સેક્રેટરી રેવાભાઈ પટેલ,ચેરમેન નગીન પટેલ, દૂધ મંડળી ના સેક્રેટરી અશોક પટેલ, ચેરમેન વાલજી ભાઈ પટેલ,વાઈસ ચેરમેન રામા ભાઈ પટેલ, દિનેશ ભાઈ પટેલ વગેરે એ ઉપસ્થિત રહી બન્ને ઉમેદવારો ને હારતોરા પહેરાવી સ્વાગત કર્યું હતું

# અરવલ્લી જિલ્લા પોલીસતંત્રમાં બદલીઓનો સીલસીલો યથાવત

મોડાસા,તા. ૬

સ્વચ્છ છબી ધરાવતા અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે એલસીબી દારૂ કાંડ પછી એલસીબીનું વિસર્જન કર્યાના ગણતરીના કલાકો બાદ એલસીબી શાખાનું નવસર્જન કરવાની સાથે વધુ એકવાર પોલીસ અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપ્યો છે જેમાં મોડાસા ટાઉન પીઆઈ સી.પી વાઘેલાને એલસીબી પીઆઈ તરીકે નિમણુંક કરી છે જીલ્લામાં ફરજ બજાવતા ૪ પીઆઈ અને ત્રણ પીએસઆઈની આંતરિક બદલી કરી કરવામાં આવતા જીલ્લા પોલીસતંત્રમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો જીલ્લા પોલીસતંત્રમાં સતત થઈ રહેલા ઉલટફેર થી પોલીસકર્મીઓ પણ થાપ ખાઈ રહ્યા છે

અરવલ્લી એસપી સંજય ખરાતે ૪ પીઆઈ અને ત્રણ પીએસઆઈની આંતરિક બદલીનો આદેશ કર્યો છે જેમાં મોડાસા ટાઉન પીઆઈ તરીકે ફરજ બજાવતા સી પી વાઘેલાને એલસીબી પીઆઈ, બાયડ પીઆઈ એન.જી ગોહીલને મોડાસા ટાઉન પીઆઈ,સીપીઆઈ મોડાસા એસ.એન પટેલને બાયડ સીપીઆઈ અને બાયડ પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ એલસીબી પીઆઈ આર.કે.પરમારને લિવ

**૪ પી.આઈ અને ત્રણ પીએસઆઈની આંતરિક બદલી, એલસીબી પીઆઇ તરીકે વાઘેલા**

રિઝર્વ,એલઆઈબી શાખાના પીએસઆઈ આશિષ પટેલને શામળાજી પોલીસ સ્ટેશન,મોડાસા ટાઉન પીએસઆઈ પી.ડી.રાઠોડને મોડાસા રૂરલ પોલીસ,શામળાજી પીએસઆઈ અનંત દેસાઈ ને રીડર શાખા અને એલઆઈબીનો વધારાનો ચાર્જ તેમજ લિવ રિઝર્વમાં રહેલા પીએસઆઈ એસ.ડી.માળીને મોડાસા ટાઉન પોલીસ પીએસઆઈ તરીકે બદલી કરવામાં આવી છે તમામ પોલીસ અધિકારીઓની જાહેર હીતમાં બદલી કરવામાં આવી હોવાની સાથે કોઈ પણ જાતના બેક રેફ્રન્સ વગર બદલીના સ્થળે તાત્કાલીક હાજર થવાનો હુકમ કર્યો છે

અરવલ્લી પોલીસ અને તેમની કામગીરી કોઈને કોઈ કારણોસર હંમેશા ચર્ચા સ્થાને રહી છે.છેલ્લા કેટલાક સમયથી ગૃહખાતાની આડપંપાળ અને ભ્રષ્ટ અધિકારીઓની કારણે જિલ્લા પોલીસની છાપ ખરડાઈ છે.મોટેભાગે વિદેશી દારૂની હેરાફેરી સામે જાણી જોઈ કરાતા આંખ આડા કાન,બુટલેગરો સાથેની ભાઈબંધીને લઈ જિલ્લામાં ઘરફોડ તસ્કરો પણ પોલીસ કબ્જામાંથી દારૂ ચોરતાં શીખી ગયા છે.જીલ્લા પોલીસવડા માટે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની બુટલેગરો સાથેની ભાઈબંધી પર લગામ લગાવવી પડશે નહીં તો જીલ્લામાં દારૂ કાંડ જેવી ઘટનાઓ આગામી સમયમાં બને તો નવાઈ નહીં...?

# બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલમાં જિલ્લાવાસીઓ માટે અદ્યતન આંખની સારવાર

પાલનપુર, તા.૬

બનાસ ડેરીના માનનીય ચેરમેન શંકરભાઈ ચૌધરીના પ્રયત્નોથી બનાસકાંઠા જિલ્લામાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બનાસ મેડિકલ કોલેજની સ્થાપના થવાથી આરોગ્ય ક્ષેત્રે ઘણા ઉચ્ચ કક્ષાના કામો થઈ રહ્યા છે. ટ્રસ્ટ દ્વારા બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ, પાલનપુરમાં મોટા ફેરફારો કરી અદ્યતન સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થાઓ ઉભી કરી છે. જેના કારણે આધુનિક અને ઉત્તમ પ્રકારની સારવાર ઘર આંગણે મળી રહી છે. જેનો ફાયદો જિલ્લાવાસીઓને થઈ રહ્યો છે.

**બનાસ મેડિકલ કોલેજની સ્થાપનાથી તમામ રોગોની અદ્યતન સારવાર જનરલ હોસ્પિટલ,પાલનપુરમાં મળી રહી છે**

આજના આધુનિક યુગમાં ઝડપી કામ માટે પરિવહન ખૂબ વધી રહ્યું છે ત્યારે અકસ્માતો સર્જવાનું પ્રમાણ પણ વધી રહ્યું અને લડાઈ ઝઘડા પણ વધી રહ્યા છે તેમાં ઈજા પામનારાઓને ઝડપી સારવાર ના મળે તો જીવ ગુમાવવાની શક્યતાઓ વધી જાય છે. જેને ધ્યાનમાં રાખી બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ખાતે ટ્રોમા સેન્ટરમા ૨૪ કલાક નિષ્ણાંત તજજ્ઞો દ્વારા આધુનિક સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે. બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે વિવિધ વિભાગો આધુનિક સાધનો સાથે પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. નિષ્ણાંત તજજ્ઞો અને આધુનિક સંસાધનો તથા ઉત્તમ સુવિધાઓ યુક્ત વ્યવસ્થાથી સજ્જ જનરલ મેડીસીન, જનરલ સર્જરી, ઓર્થોપેડિક, સ્ત્રી રોગ, કાન નાક ગળાના રોગ, આંખના રોગ, બાળ રોગ, ટીબી & ચેસ્ટ વિભાગ, માનસિક રોગ, ચામડી રોગ, દંત રોગ વગેરે વિભાગોમાં ઉત્તમ સેવાઓ મળી રહી છે. કોરોનાની મહામારીમાં આપણી હોસ્પિટલ ખાતે ઉત્તમ સારવાર મળવાથી ખૂબજ સારા પરિણામો મળેલા છે.

બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલમાં આંખના વિભાગમાં તજજ્ઞો દ્વારા રોગોનુ નિદાન તથા સારવાર કરવામાં આવે છે. આ આંખ વિભાગ આધુનિક સાધનોથી સજ્જ છે, જેમાં રોગોના નિદાન અને



ઓપરેશન માટે સારી ક્વોલીટીના સાધનો જેવા કે ઓટોરીફેક્ટ્રોમીટર, ફંડ્સ કેમેરા, સ્પ્લીટ લેમ્પ વિથ કેમેરા, ફેકોઈમલ્સીફિકેશન મશીન, ઓપરેટીંગ માઈક્રોસ્કોપ અને લેબોરેટરી સેવા પણ ઉપલબ્ધ છે આંખના ઓપરેશન માટે અલાયદા આધુનિક ઓપરેશન થીએટરની સુવિધા છે. આ વિભાગમાં દર્દીઓને દાખલ કરવા માટે ૨૦ પથારીઓ ધરાવતો અદ્યતન વોર્ડ છે. વર્ષ ૨૦૨૦માં કોરોના મહામારીની પરિસ્થિતિમાં પણ આંખ વિભાગ કુલ ૨૦૭૨૩ દર્દીઓએ સારવાર લીધેલ છે જેમાં ૬૫૧ ઓપરેશન થયેલા છે. જાન્યુઆરી ફેબ્રુઆરી ૨૧માં કુલ ૨૭૨ ઓપરેશન થયેલા છે.

# અરવલ્લી એલસીબી પછી, આરટીઓ કચેરીમાં ભ્રષ્ટાચારનો ભરડો

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૬



મોડાસા (અરવલ્લી) આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટ રાજની ફરિયાદ પછી ગત રોજ વાહનવ્યવહાર કમિશનરે સપાટો બોલાવી એક ડઝનથી વધુ એજન્ટોને રંગે હાથે ઝડપી પોલીસ કાર્યવાહી કરી છે. જયારે એજન્ટોને આર.ટી.ઓ.કચેરીમાં પ્રવેશની મનાઈ છતાં મોડાસા આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટોને કોના આશીર્વાદ હતા !! ૬ વર્ષથી ચીટકી રહેલા આર.ટી.ઓ. જીજ્ઞેશ મોઢને કોના આશીર્વાક છે કે આજદીન સુધી બદલી કરવામાં આવતી નથી...!! અત્યારે તો અરવલ્લી એસ.સી.બી. પછી આર.ટી.ઓ. કચેરીનો ભ્રષ્ટાચાર સમગ્ર જિલ્લામાં 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો છે.

જિલ્લા આર.ટી.ઓ. જીજ્ઞેસ મોઢની સુફિયાણી વાતો જગજાહેર છે. ઓવરલોડ વાહનો બાબતે અનેક વાર અગાઉના કલેકટરો દ્વારા આર.ટી.ઓ. કચેરી એકાદ-બે દિવસ દેખાડા કરી મામલો સંકેલી છે. કહેવાય છે કે ઉધડો લીધો હોવા છતાં ભ્રષ્ટાચારમાં ગડાબૂડ આર.ટી.ઓ. મોઢના મોબાઈલની વિગતો મેળવવામાં આવે તો એજન્ટો અને ફોલ્ડરીયાઓ સાથેની સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે એમ છે. આર.ટી.ઓ.ની એવી કેવી સારી કામગીરી પર્દાફાશ થઈ શકે છે. આર.ટી.ઓ.ની એવી કેવી સારી કામગીરી છે કે છેલ્લા ૬ વર્ષથી જિલ્લામાં ચીટકી રહ્યા છતાં બદલી થતી નથી.

**૬ વર્ષથી ચીટકી રહેલા આરટીઓ જીજ્ઞેશ મોઢને કોના આશીર્વાદ !!**

અગાઉ આર.ટી.ઓ. મોઢ વિરુદ્ધ ગંભીર ફરિયાદ પછી તપાસનું નાટક રચી મામલો સંકેલવામાં આવ્યો હતો જેથી ગાંધીનગર સ્થિત વાહન વ્યવહાર કચેરીના ભ્રષ્ટ અધિકારીઓના મોઢ ઉપર આશીર્વાદ હોવાની લોકવાયકા વધુ પ્રસરી છે. જે રીતે ગત રોજ કમિશ્નરે અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં સપાટો બોલાવયો તે જોતાં આર.ટી.ઓ. મોઢની ગમે તે ઘડીએ બદલી નિશ્ચિત છે. બદલી ન ખાય તો સમજવું કે તળીયાથી ટોચ સુધી ભ્રષ્ટાચારની ગંત્રોટી વહી રહી છે.



# બાયડ પાલિકાના ૧૦૦ લાભાર્થી છેલ્લા એક વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજનાના છેલ્લા હપ્તાથી વંચિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૬

બાયડ પાલિકા વિસ્તારના ૧૦૦ થી વધુ લાભાર્થી છેલ્લા એક વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજનાના છેલ્લા હપ્તાથી વંચિત રહેલા લાભાર્થીઓની મુશ્કલી વધી છે. પાલિકામાં પૂછપરછ કરે તો યોગ્ય જવાબ મળતા નથી. જયારે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું કામ સંભાળતા કર્મચારીનો મોબાઈલ સ્વીચ ઓફ આવતા હોવાથી અન્ય કોઈ કર્મચારી જવાબ આપવાનું ટાળી રહ્યા છે.

**પાલિકામાં યોગ્ય જવાબ મળતા નથી, જવાબદારનો મોબાઈલ સ્વીચ ઓફ...!!**

વડાપ્રધાન દ્વારા ગરીબ પરિવારનું ઘરનું સ્વપ્ન સાકાર થાય તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. પાલિકા વિસ્તારમાં લાભાર્થીને મકાન દીઠ રૂા. ૩,૪૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે. બાયડ પાલિકા વિસ્તારના બાયડ, સુંદરપુરા, ઘડુશિયા મઠના ૧૦૦થી વધુ લાભાર્થીઓને તેમના ખાતામાં પાંચ હપ્તા જમા થયા પરંતુ છઠ્ઠો હપ્તો છેલ્લા એક વર્ષથી જમા થયો નથી. છઠ્ઠા હપ્તાથી ઉઘરાણી માટે લાભાર્થી પાલિકામાં જાય તો ત્યાં બાઈ... બાઈ ચારણીની જેમ ફરવા છતાં કોઈ જવાબ આપતું નથી. જયારે છેલ્લે એવો જવાબ આપવામાં આવે છે કે હપ્તાની ફાળવણી ગાંધીનગરથી થાય છે. ટૂંકમાં છેલ્લા ૧ વર્ષથી છેલ્લો હપ્તો જમા ન થતાં જે દુકાનદારે સિમેન્ટ, લોખંડ બાકીમાં આપ્યું હતું તેવા વેપારીઓ લાભાર્થીના ઘરે સવાર-સાંજ ઉઘરાણી કરતા જોવા મળે છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને આંબ્યો

બાયડ (ઓફિસ બ્યુરો), તા. ૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઊંચકાયો છે. શનિવારે તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને આંબી જતા અસહાય ગરમીથી પ્રજા પરેશાન જોવા મળી. ગરમીનું પ્રમાણ વધતાં ઠંડક આપતા ઉપકરણો છેલ્લા બે દિવસથી ધમધમી રહ્યા છે.

**અસહ્ય ગરમીથી પ્રજા પરેશાન, ઠંકડ આપતા ઉપકરણો ધમધમ્યા**

જિલ્લાની પ્રજા કોરોના, વાઈરલ ઈન્ફેકશન સામે જજૂમી રહી છે. ત્યારે એકાએક ગરમીનો પારો ઊંચકાતા બપોર થતાં બજારોમાં સુમસાન જેવી સ્થિતિ જોવા મળે છે. માર્ચના આરંભ સાથે જ ગરમીએ પોતાનો પ્રભાવ દેખાડતાં પખવાડિયાના છેલ્લા દિવસોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરે તેવી દહેશત છે. એકાએક ગરમીનું પ્રમાણ વધતાં ખેડૂતો પણ ચિંતિત જણાય છે. હવામાન



સૂત્રોનું માનીએ તો આગામી મંગળવારનું જિલ્લામાં કાળઝાળ ગરમીનો અનુભવ થશે. જિલ્લામાં બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા, મોડાસા, મેઘરજ, માલપુર તાલુકામાં બપોર થતાં જ ઉના ઉના વાયરા અને લમણા શેકી નાખતી ગરમીથી ગ્રામ્ય પ્રજા તોબા પોકારી ઉઠી છે. જયારે મુંગા પશુઓ બપોર થતાં જ છાંયડો શોધતા જોવા મળે છે.


# મોડાસા નગરપાલિકા ચૂંટાયેલ AIMIMના કોર્પોરેટર સક્રિય

## બોર્ડ પરીક્ષા દરમિયાન રમજાન માસ હોવાથી તારીખમાં ફેરફાર કરવા કલેકટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યું છે જેમાં ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા તા.૧૦-૦૫-૨૦૨૧ થી તા.૨૫-૦૫-૨૦૨૧ દરમ્યાન લેવામાં આવનાર છે ત્યારે ૧૪ એપ્રિલથી પવિત્ર રમજાન માસનો પ્રારંભ થઈ રહ્યો છે જે ૧૪ મેં પૂર્ણ થતા રમજાન ઈદનો પવિત્ર તહેવાર હોવાથી જેથી લઘુમતી સમાજના બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષામાં અને તૈયારીમાં અસર થઈ શકે તેમ હોવાથી બોર્ડ પરીક્ષાની તારીખ ફેરફાર કરવાની માંગ સાથે મોડાસા નગરપાલિકામાં ચૂંટાયેલ AIMIM ના કોર્પોરેટરોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું

સ્થાનીક સ્વરાજયની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં મોડાસા નગરપાલિકામાં ભાજપ પછી બીજા પક્ષ તરીકે AIMIM ઉભરી આવ્યો હતો જેમાં



AIMIMના ૯ કોર્પોરેટર ચૂંટાઈ આવ્યા છે AIMIMના કોર્પોરેટરોએ જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે મોડાસા શહેર સહીત સમગ્ર રાજયમાં ધો.૧૦ અને ધો.૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષાના કાર્યક્રમ દરમ્યાન ૨૭ મો રોજો અને તેના ત્રણ દિવસ પછી રમજાન ઈદનો તહેવારનો પ્રસંગ આવી જતો હોવાથી પરીક્ષાની તૈયારીમાં અને પરીક્ષામાં અસર પડી શકે તેમ હોવાથી અને બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓના કારકિર્દીમાં મહત્વનો રોલ હોવાથી બોર્ડ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માંગ કરી છે.

# પ્રાંતિજના સાંપડની સીમમાં જુગાર રમતા ચાર શકુનિઓ ઝડપાયા

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાંપડ ગામની સીમમાંથી જુગાર રમતા ચાર શકુનિઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી. પ્રાંતિજ પોલીસની ટીમ સાંપડ થી ગેડ જતા માર્ગ પર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સાંપડ ગામ ની સીમના લાંબા ટીંબા પર જાહેર સ્થાન પર કેટલાક શખ્સો ગંજીપત્તા વડે તીનપત્તીનો જુગાર ખેલી રહ્યાની બાતમી મળતા પોલીસે જુગારવાળા સ્થાન પર જઈ રેડ કરી હતી પોલીસની રેડ દરમિયાન સાંપડ ગામના ચાર શખ્સો ગંજીપત્તાથી હાર જીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપાતા પોલીસે અટક કર્યા હતા. પોલીસે અટક કરેલા જુગારીયા ઓમાં સાંપડ ગામના મંગાજી ધનાજી પરમાર, ભાવેશકુમાર લાલાજી પરમાર, ફુલાજી મોતીજી પરમાર અને વિષ્ણુસિંહ સોમસિંહ પરમારનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીયાઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૨,૧૭૦ તેમજ ગંજીપત્તા સહિતનો મુદ્દામાલ કબજે લઈ ચારેય વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# પ્રાંતિજના પલ્લાચરની મહિલાના ખાતામાંથી રૂ.૯૫૧૫૬ ઉપાડી લેતા પોલીસ ફરિયાદ થઈ

**ડાન્સ શીખવવાના બહાને પલ્લાચરની મહિલાના ખાતામાંથી રૂપિયા ખેચી લીધા : મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા ઇસમો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઇ : પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળની તપાસ હાથધરી**

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચરની મહિલા પાસે ડાન્સ શીખવવાના બહાને મહિલાના ખાતામાંથી રૂપિયા ૯૫૧૫૬ સરકી લેતા પંથક મા ચકચાર મચી જવા પામી છે.

પ્રાંતિજ ના પલ્લાચર ગામે રહેતા ફોરમબેન જય કુમાર પટેલ પ્રાંતિજ સેવા સદન મા કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરે છે અને આ મહિલા ડાન્સ કલાસ પણ ચલાવે છે ફોરમબેન જસ્ટ ડાયલ એપ્લિકેશન ઉપર એલીગન્સ ડાન્સ કલાસ નામની જાહેરાત સાથે તેમનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો જેને લઈ ને તેમના મોબાઈલ ઉપર અજીત નામના વ્યક્ત એ હિન્દી મા વાતચીત કાશ્મીર ખાતે આર્મી મા નોકરી કરું છુ અને મારી પત્ની તથા બાળકો ગાંધીનગર સેક્ટર ૭ ખાતે રહે છે તેવો ને ડાન્સ શીખવાડવાનો છે તેમ કહીને તમારી ફી કેટલી થશે તેવી વાત કરી ફોન મુકી દીધો હતો અને ફરી બુધવારે ફોન આવ્યો હતો કે હુ આર્મી મા હોઈ મારૂ એકાઉન્ટ મર્જન્ટ છે એટલે તમારા એકાઉન્ટમા પૈસા ટ્રાન્સફર થતા નથી જેથી પૈસા ટ્રાન્સફર થતા નથી જેથી બીજા ભાઈ નો ફોન આવશે વાત કરી લેજો અને બીજા દિવસે ફોન આવ્યો અને ફોરમબેન ને કયુ કે તમારો નંબર અજીતે આપ્યો છે તેમ કહી તમારા ખાતા મા પૈસા જમા કરાવવાનુ કહેલ અને મહિલા ના ખાતામા રૂ.પાંચ ટ્રાન્સફર કરી ચેક કરવા જણાવ્યુ જેથી ફોરમબેન ચેક કરતા તેમના ખાતામા રૂપિયા- પાંચ જમા થયા હતા અને ફોન કરનાર શખ્સ તેમજ અજીત નામના શખ્સે એકબીજા ની મદદગીરીથી મહિલાના ખાતામાંથી કુલ- ૯૫,૧૬૫ ઉપાડી લીધા હતા જેને લઈ ને મહિલા દ્વારા બન્ને અજાણ્યા શખ્સો સામે હિંમતનગર સાયબર સેલમા અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બન્ને અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે બન્ને અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનોનોધી તપાસ હાથ ધરી છે.